BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

75 Azadi Ka Amrit Mahotsav

**પરિપત્રઃ-**

વિષય: વૃક્ષ મિત્ર અભિયાન અંતર્ગત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને SFD જુનાગઢ દ્વારા થયેલ MOU અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઈઓ/બહેનોને જણાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓમાં પર્યાવરણનાં જતન કરવા અને સંરક્ષણ કરવા અંગે જાગૃતિ આવે તે હેતુથી વૃક્ષ મિત્ર અભિયાન અંતર્ગત SFD ગુજરાત દ્વારા ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટી સાથે MOU કરવામાં આવેલ છે. યુનિવર્સિટી તથા યુનિવર્સિટીની બધી જ સંલગ્ન કોલેજોનાં વિદ્યાર્થીઓ આ અભિયાનમાં સક્રિય રીતે જોડાઈ અને તેમના કેમ્પસોમાં વૃક્ષોની વાવણીથી લઇ અને તેમના જતન કરવા સુધીની કામગીરી હાથ ધરે તે આ અભિયાનનો મુખ્ય હેતુ છે.

ઉપરોક્ત હેતુસર SFD જુનાગઢ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ વચ્ચે MOU થયેલ છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં વિવિધ ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને સવિનય સાથ જણાવવામાં આવે છે કે આપના ભવનો/કોલેજોનાં પ્રાધ્યાપકશ્રીઓ અને વિધાર્થીઓ સદર કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લે અને બહોળી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરી તેમનું જતન કરે તે અંગે યોગ્ય કરવા વિનંતિ.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૨૮૧/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા. ૨૮/૦૭/૨૦૨૨

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ/પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઈઓ/બહેનો તરફ...

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in | info@bknmu.edu.in | Bhakta Kavi Narsinh Mehta University Junagadh | Bhakta Kavi Narsinh Mehta University Junagadh